### અનુસૂચિત જનજાતિઓ અને બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનાર (માન્યતા અને વન અધિકાર) અધિનિયમ, ૨૦૦૬

# આદિવાસીઓના જંગલ જમીન ઉપરના અધિકારો

**હક્કદાર**

૧૩ ડિસેમ્બર, ૨૦૦૫ પહેલા જંગલમાં વસનારા કે જંગલ ઉપર આધારિત અનુસૂચિત જનજાતિના (આદિવાસી) લોકો તથા તેના સમૂહો

**જંગલ જમીન ઉપરના અધિકારો**

**દાવા અરજી**

**સંભવિત દાવાઓ**

વ્યક્તિગત જંગલ જમીન, વ્યક્તિગત જંગલમાં રહેઠાણ, સામુહિક જંગલ જમીન, જંગલની અંદર આવેલ ગૌણવન પેદાશો (ઈમારતી લાકડા સિવાયની વન્ય પેદાશ કે જેમાં સાંવડા, લાકડું, હુંહું, વાંસ, રેશમના કીડા, રેશમના કીડાનાં ઈંડાં, મધ, મીણ, લાખ, ટીમરૂના પાંદડાઓ, વૈદકીય છોડવાઓ અને ઔષધીઓ, મૂળ, કંદમૂળો અને તેના જેવી વસ્તુઓ), મંદિરો, દેવસ્થાનકો, ગૌચર, સ્મશાનગૃહો, આવવા-જવાના રસ્તા કે અન્ય કોઈ પણ




**અધિકારોને માન્યતા**

- પુરાવા સાથેના વ્યક્તિગત અથવા સામુહિક હક્ક-દાવા ગ્રામસભાને રજૂ કરવા.
- ગ્રામસભા આવા હક્ક-દાવા એકત્રિત કરી, તેની ચકાસણી કરશે, તેવા વિસ્તારના નકશા તૈયાર કરશે, રિપોર્ટ બનાવી ગ્રામસભામાં ઠરાવ પસાર કરશે અને તેને સબડિવિઝનલ લેવલ કમિટીને મોકલશે.

↓

**ઠરાવોની ચકાસણી**

↓

સબ ડિવિઝનલ લેવલની કમિટી ગ્રામસભાનો ઠરાવ તપાસી, તેની નોંધ તૈયાર કરી જિલ્લા સ્તરની સમિતિને મોકલશે.

↓

**આખરી નિર્ણય**

↓

જિલ્લા સ્તરની સમિતિ આ રિપોર્ટના આધારે દાવા સંબંધી આખરી નિર્ણય કરશે.

## ખાસ જોગવાઈ

અન્ય રીતે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી વનમાં રહેનાર અનુસૂચિત જનજાતિ અથવા બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનારને વનની જમીનના કબજામાંથી માન્યતા અને ખરાઈની પ્રક્રિયા પૂર્ણ ન કરવામાં આવે ત્યાં સુધી દૂર કરવામાં અથવા ખાલી કરાવવામાં આવશે નહીં.

**સંભવિત પુરાવા**

દંડ પાવતી, કેસ નોંધણી, અગાઉની દાવા અરજી, પંચનામા, આજુબાજુના લોકોના મૌખિક-લેખિત પુરાવા, નકશાઓ, દસ્તાવેજી સાક્ષીઓ, કૂવા, તળાવ, પાળાબંધી, વૃક્ષો, રાજા તથા જમીનદારો દ્વારા આપવામાં આવેલ શિલાલેખ તથા અધિકારો પત્રો વગેરે.

**ગ્રામસભાના નિર્ણયથી નારાજ વ્યક્તિ કે સમૂહ**

- ગ્રામસભા સામે ઠરાવ કર્યાના ૬૦ દિવસની અંદર સબ ડિવિઝનલ કમિટીને ફરિયાદ કરી શકે છે.
- સબ ડિવિઝનલ કમિટી સામે ચુકાદાની ૬૦ દિવસની અંદર જિલ્લા સ્તરની સમિતિને ફરિયાદ કરી શકે છે.

**વિકલ્પ** એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે, વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧.